શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૪
અંક : ૨

## આરટીઈ તાલીમ

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ સ્થળાંતરીત પરિવારના બાળકોની શીખવાની પ્રક્રિયાઓ અને તેના શાળા સાથેના જોડાણને સુનિશ્ચિત કરવા અમરેલી અને બાબરા તાલુકામાં "લેમ્પ" કાર્યક્રમ અમેરીકન ઈન્ડીયા ફાઉન્ડેશનના સહયોગથી ચાલે છે. લેમ્પના કાર્યક્ષેત્રના ગામોની શાળા સંચાલન સમિતિના સભ્યો, પંચાયતીરાજ સંસ્થાઓના પ્રતિનિધિઓ, સીટીઝન એજ્યુકેટર, કિશોરી મંડળના સભ્યોની તાલીમ જામબરવાળા ગામે તા.૧૨ના રોજ યોજવામાં આવી.

શિક્ષણના અધિકાર અંગેના કાયદાની જોગવાઈઓ તેમજ ઉપસ્થિત સભ્યોની ભૂમિકા અને જવાબદારીઓ, એસએમસી દ્વારા શાળાઓમાં સુધારા પ્રક્રિયા શરૂ કરવા માટેની વિશિષ્ટ સ્થિતિ, સ્કુલ સિસ્ટમની સમજ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે ચાલતી શીખવાની પ્રક્રિયાઓ તથા શાળાની વિકાસ યોજના બનાવવા માટેની તૈયારી, શાળાનું સામાજિક મૂલ્યાંકન તેમજ નાના બાળકોની અભ્યાસ પ્રક્રિયા, બાળકોને સ્કુલમાં પ્રવેશ મેળવતા અટકાવે એવા કોઈપણ ખર્ચ સરકાર ઉઠાવશે. જરૂરી કાગળો કે આધાર પુરાવાના અભાવે એડમીશન રોકાય નહિ. વિકલાંગ બાળકો પણ મુખ્ય પ્રવાહમાં શિક્ષણ મેળવે. શારીરિક સજા કે માનસિક ત્રાસ આપી શકશે નહિ. પ્રત્યેક બાળક ને તેના રહેઠાણના એક કીલોમીટરના વિસ્તારમાં પ્રાથમિક શાળા અને ત્રણ કીલોમીટરમાં માધ્યમિક શાળા ઉપલબ્ધ હોવી જોઈએ. શાળાઓમાં છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલયની વ્યવસ્થા જેવા તમામ મુદાઓને આવરી લેવામાં આવ્યા છે.

ઉપર મુજબની ચર્ચાઓ ઉપસ્થિત લેમ્પ ટીમના સભ્યોએ ચલાવી સમજ બનાવવા પ્રયાસ કર્યો હતો. શાળાના આચાર્યશ્રી, શિક્ષકો, આંગણવાડી કાર્યકરો, એસએમસી સભ્યો, ગ્રામજનોએ ઉપસ્થિત રહી પોતાના પ્રતિભાવો સાથે આ સમજને મજબુત બનાવી અમલમાં લાવવા સહયોગ કરવાની ખાત્રી આપી હતી.

સંસ્થાના કાર્યકર નરેન્દ્રભાઈ પોકીયા તથા અર્જુનભાઈ ઝાંઝરૂકિયાએ બાળમજુરી અંગે તેમજ ચાઈલ્ડલાઈનની કામગીરી અને બાળકો માટે અપાતી સેવાઓની માહિતી આપી હતી. કાર્યકરો શ્રધ્ધાબેન, ઉર્મિલાબેન તથા સુરેશભાઈએ ચાલી રહેલા કાર્યની વિગતો આપી હતી.

**જગતમાં સૌથી મોટો અધિકાર સેવા અને ત્યાગથી પ્રાપ્ત થાય છે.**

## કપાસના પાકમાં એક પ્રયોગ

મારો પરિવાર વર્ષોથી ખેતી સાથે સંકળાયેલો છે. હું કપાસમાં બીટી બિયારણ આવ્યુ ત્યારથી બીજા ખેડુતોની જેમ મેં પણ બીટી કપાસ વાવવાનુ શરુ કર્યુ. શરૂઆતમાં બીટી બિયારણ વાવવામાં ખુબ સારું લાગ્યુ પરંતુ સમયાંતરે રાસાયણિક ખાતરનો ખર્ચ, જંતુનાશક દવાનો વધુ વપરાશ, વધતા જતા બિયારણના ભાવથી ખર્ચ વધવા લાગ્યો. ઉત્પાદનમાં ઘટાડો થવા લાગ્યો. કપાસના આ પાકમાં ગુલાબી ઇયળનો ઉપદ્રવ વધવા લાગ્યો. પહેલા જે કપાસની ગુણવતા સારી હતી તેમાં ઉણપ દેખાવા લાગી. હું વર્ષ ૨૦૧૭ થી કોટન કનેકટના સહયોગથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ચાલતા બીસીઆઈ પ્રોજેકટમાં જોડાયો. મળેલ માર્ગદર્શનથી જે સુધારા કર્યા જેમાં ખર્ચમાં ઘટાડો તથા ઉત્પાદનની ગુણવતા સુધરી.

આ વર્ષે હરિરાજ સંસ્થાએ નઢહફત ×ક્ષ (દેશી મઠીયો કપાસ) ૧ કિલોનો અખતરો અડધા વીઘામાં કરવા કહયુ. આ બિયારણ શ્રાવણ માસ દરમિયાન વાવ્યુ. જયારથી આ કપાસનું વાવેતર કરેલ ત્યારથી આજ સુધી એકપણ રોગ નથી. મેં માત્ર એક જ વાર પિયત આપેલુ છે. પંકજભાઈની મુલાકાત દરમિયાન મે જણાવ્યું કે આ કપાસ બીટીની તુલનામાં ખુબ સારો છે અને ઝીંડવા ખુબ ફુલે છે. જો તેને વહેલો વાવવામાં આવે તો અસરકારક પાક મળે, ફાલ થોડો મોડો આવ્યો, નાના છોડમાં ૫૦ જેટલા ઝીંડવા છે. ઘેરા કપાસમાં ૮૦ થી ૯૦/૧૦૦ જેટલા ઝીંડવા આવે છે. તો સહુ ખેડુત મિત્રોને મારી નમ્ર વિનંતી છે કે આ દેશી કપાસનુ વાવેતર કરે તો તે ઓછા ખર્ચે સારૂ ઉત્પાદન મેળવી શકે છે.

– જયસુખભાઈ ગોવિંદભાઈ ધંધુકિયા



**જયારે તમારે કંઇ કહેવાનું ન હોય ત્યારે સ્મિત તો કરો જ.**

## ખેત તલાવડી

ખેત તલાવડી એ ચોક્કસ આકાર અને કદ ધરાવતું તેમજ પાણીની આવક અને જાવક થઇ શકે તેવું બાંધકામ છે જે ખેતરનાં સૌથી નીચાણવાળા વિસ્તારમાં થાય જેથી ખેત તલાવડીમાં ચોક્કસ માત્રામાં પાણી ભરાય.

ખેતી તલાવડીની ઉંડાઈ ૧.૦ મીટરથી ૩.૫૦ મીટર સુધી કરવી હિતાવહ છે. ખેત તલાવડીનું ખોદાણ કામ સ્લોપમાં કરવું જેથી ધોવાણ નિવારી શકાય. જે વિસ્તારમાંથી વરસાદી પાણી મળનાર હોય તે તલાવડી સુધી સરળતાથી પહોંચી શકે અને જમીનનું ધોવાણ બિલકુલ ન થાય તે ધ્યાને લઇને આવકની ચેનલ બનાવવી. જયારે પાણીની જાવક એવી જગ્યાએ રાખવી કે પાણી ધીમે–ધીમે, એક સરખા ફ્લોથી અને ધોવાણ ન થાય. આ બંને જગ્યાએ પથ્થર, ઈંટો ગોઠવીને અથવા ઘાસ વાવી શકાય જેથી ધોવાણ અટકાવી શકાય પાણીની જાવકનું લેવલ પાણીની આવક ના લેવલ કરતા ૧૫ થી ૨૦ સે.મી. નીચે હોવું જોઇએ.

ખેત તલાવડીનાં પાણીનાં ઝમણ અને અનુશ્રવણ (રીચાર્જ) અટકાવવા માટે ખેત તલાવડીનાં તળિયામાં અને સાઇડમાં લાઇનીંગ (ઇટો– પથ્થરથી) કરવું જેથી સંગ્રહ થયેલ પાણીનો ઉપયોગ પૂરક પિયત માટે પણ થાય. પોલીથીલીન શીટનો ઉપયોગ કરી શકાય છે.

ખેત તલાવડીમાંથી ખોદાયેલ માટીનો ઉપયોગ જરૂરિયાત મુજબનાં સ્લોપવાળા પાળા અને કાંઠાથી ૩ થી ૪ ફુટ દુર કરવા જોઈએ જેથી વરસાદમાં પાળાનું ધોવાણ ન થાય જેથી ખેત તલાવડીનો ઉપયોગ લાંબા સમય સુધી કરી શકાય અને ખર્ચેલા નાણાનું વધુ વળતર મળે.

– રમેશભાઈ સોલંકી, સીવીલ એન્જીનીયર



**ક્રોધને જીતવા માટે મૌન જેટલું સહાયક બીજું કોઇ નથી.**

## કન્વર્ઝન્સ અને વોટર સ્ટુઅર્ડશીપ વર્કશોપ

૧૭ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ચમારડી (તા. બાબરા) ખાતે ઉતમ કપાસની પહેલ કાર્યક્રમ અંતર્ગત ચમારડી ગામે વોટર સ્ટુઅર્ડશીપ (સામાજીક રીતે સમાન, પર્યાવરણીય રીતે ટકાઉ અને આર્થિક રીતે ફાયદાકારક પાણીનો ઉપયોગ) તથા આ કાર્યક્રમના ઉદેશોને અનુરૂપ કાર્યોને સમાન કામગીરીઓ સાથે જોડાણને સમજવા અને તેના અમલની પ્રક્રિયા સમજવા યોજાયેલ કાર્યશાળાના વિષયો :

૧. ઉતમ કપાસની પહેલ કાર્યક્રમની બાબતો
૨. પાણીના સ્ત્રોતોનું મેપિંગ.
૩. જમીનમાં ભેજનું પ્રમાણ જાળવવું.
૪. પાણી બચત થાય તેવી સિંચાઈ પદ્ધતિઓ.
૫. પાણીની ગુણવતા વધારવી અને જાળવણી.
૬. પાણીના વપરાશ અને બચત માટે સામુહિક સ્તરે લોકોના જોડાણથી કાર્ય.
૭. વંચિત સમુહની યાદી અનુસારની સુવિધાઓ માટે વિવિધ એજન્સીઓ સાથે જોડાણ.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત વિવિધ એજન્સીઓના પ્રતિનિધિઓ તથા ખેડુત અને ખેતમજુર ભાઈ બહેનોના આવકાર અને પરિચયથી કરવામાં આવી.

ઈફ્કેશના મેનેજરશ્રી નરેન્દ્રભાઈ પોંકીયાએ પ્રોગ્રામેટીક બાબતો સાથે આજની કાર્યશાળાનો હેતુ સમજાવી પોતાની ટીમના પરિચય સાથે આ કાર્યક્ષેત્રમાં તેઓ જે સેવા આપી રહયા છે તેની વિગતો જણાવી હતી. ખેડુતો પાણીના કારભારી હોવાનું જણાવી, સારા કારભારીઓ પોતાના પાણીના ઉપયોગ, કેચમેંટ સંદર્ભ, જળ વ્યવસ્થાપન (શાસન, સંતુલન અને ગુણવતા) સંબંધિત



**સહનશીલતા સદગુણોનો આધારસ્તંભ છે.**

ક્ષેત્રોમાં વહેચાયેલ જોખમને તે સમજે અને સાથે સાથે સુક્ષ્મ પિયત, જમીનના બંધારણ તથા ભેજ જાળવણીની પધ્ધતિઓ પર ચર્ચા કરી. ખેડુત ઉત્પાદન સંગઠનો બન્યા છે તે આ કાર્યમાં ઉપયોગી થઈ શકે તેની માહિતી આપી જે તેમની આવક વધારી સક્ષમ બનાવવામાં મદદરૂપ છે. ખેડુતો દ્વારા સંચાલિત હોય છે અને ખેડુતોના હક્કોનું રક્ષણ કરે છે. આ સંગઠન મારફતે સભ્ય ખેડુતોને સુધારેલ બિયારણ, પિયત અને કીટનાશકો, ખેતીને લગતી અન્ય જરૂરિયાતો, તેમના ઉત્પાદનનું ભંડારણ અને ઉચિત સમયે બજારમાં વેચવું જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે અને તેમની આવક વધારી સક્ષમ બનાવવામાં મદદરૂપ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના કન્સલ્ટન્ટ રમેશભાઈ સોલંકીએ ઘન કચરામાથી ખાતર બનાવવાની વિવિધ પધ્ધતિઓ સમજાવી, કચરાના યોગ્ય વ્યવસ્થાપનથી પર્યાવરણની જાળવણી કરવા જાણકારી આપી. વોટર રિસોર્સ મેનેજમેન્ટ વિષે વાત કરી ખેત તલાવડીની સરકારશ્રીની યોજના વિષે માહિતી આપી હતી.

આ કાર્યક્રમના પ્રોડયુસર યુનિટ મેનેજર શ્રી કૌશિકભાઈ પંડયાએ પાણીના સ્ત્રોતોના મેપીંગ માટે વાત કરી જેમાં ૨૧ ગામડાઓ પાણી પરીક્ષણ કરાવવામાં આવે છે. ચમારડી ગામમાં લીધેલ વેલ મોનીટરીંગ રીપોર્ટ પર ચર્ચા કરવામાં આવી. તેમજ ચમારડી અને આસપાસના ગામોમાંથી લીધેલ પાણી ચકાસણીના નમુનાના રીઝલ્ટ ખેડુતો સાથે શેર કરવામાં આવ્યા. પાણી ચકાસણીના હોટ સ્પોટ મેપિંગ ખેડુતોને બતાવીને સમજાવવામાં આવ્યા. પાણીની ગુણવતા વધારવી અને જાળવવી તેમજ પાણીના વપરાશ માટે કુવા રીચાર્જ, ખેત તલાવડી, તળાવ ઉંડા ઉતારવા અને તે માટે



**વિદ્યા સમાન શરીરને શોભાવનાર બીજી કોઈ વસ્તુ નથી.**

સામુહિક સ્તરે લોકોના જોડાણથી કાર્ય કરવું તે માટે વિવિધ યોજનાઓની માહિતી આપી. ખેતીમાં પાણીની બચત થાય તે માટે ટપક સિંચાઈ પદ્ધતિ, ફુવારા પદ્ધતિ અને એક પાટલે પિયત જેથી પાકને સમયસર અને જરૂરીયાત મુજબ પાણી મળી રહે તો પાક ઉત્પાદન પુરતું મળે છે. કોઈપણ પાકની કુલ પાણીની જરૂરીયાત સામાન્ય રીતે પાકનો જીવનકાળ, પાકની અવસ્થા, વાવેતર ઋતુ વગેરે પરિબળો ઉપર આધાર રાખે છે. પાકને જરૂરીયાત કરતાં વધારે પાણી આપવાથી નુકશાન થાય અને રોગ જીવાતને આમંત્રણ આપે છે અને પાણીનો બગાડ થાય છે. જરૂરિયાત મુજબ પાણી આપવામાં આવે તો છોડનો વિકાસ બરાબર થાય અને પુરતું ઉત્પાદન મળે. આમ, જમીનમાં ભેજનું પ્રમાણ જાળવવા ઓર્ગેનિક ખાતર ઉમેરવા જણાવ્યું. વ્યકિતગત કે સામુહિક સ્તરે લોકોના જોડાણથી પાણીનો સંગ્રહ, પાણીની જાળવણી, પાણીની ગુણવતા અને જરૂરીયાત મુજબ પાણીનો કાર્યક્ષમ ઉપયોગ એ આ સમયની માંગ છે.

જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડીસ્ટ્રીકટ પ્રોગ્રામ કોર્ડિનેટરશ્રી વિક્રમભાઈ પીપળીયા તથા ટેકનીકલ આસીસ્ટંટશ્રી દિનેશભાઈ મહેતાએ આજની આ કાર્યશાળામાં ઉપસ્થિત તમામ ખેડુતો તથા ખેતમજુર ભાઈ બહેનોને સરકારની યોજનાઓમાં જોડાવા અને તેનાથી પોતે જે કામ કરી રહયા છે તેમા મળતી સુવિધાઓથી પોતાના કામને સરળ બનાવી શકે અને તેનો આર્થિક લાભ મળી શકે તે અંગેની વિગતો આપતા જણાવ્યુ કે ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા કુટુંબો કે જેના પુખ્તવયના સભ્યો શારીરિક શ્રમ થાય તેવું બિનકુશળ કામ કરવા, દરેક કુટુંબની દરેક જીવનનિર્વાહની તકો વધારવા માટે કુટુંબ દીઠ એક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસ રોજગારી આપવામાં આવે છે. ગ્રામ્ય ગરીબોને લઘુતમ રોજગારી મળી રહે, દુષ્કાળ અને બેરોજગારીના દિવસોમાં ગ્રામ્ય લોકોને કામ મળી રહે, ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેર તરફ થતું સ્થળાંતર અટકે, ગ્રામ્ય વિકાસમાં ઉપયોગી થઇ શકે તેવી, ખેડુતોને ખેતીમાં ઉપયોગ થઇ શકે તેવા પાણી સંગ્રહ અને ભેજ સંગ્રહના કામોની સમજણ આપી હતી.

પ્રયોગશીલ ખેડુતોએ પોતાના અનુભવ શેર કર્યા હતા. ચમારડી ગામના દિનેશભાઈ જેરામભાઈ ખીમાણી ઓર્ગેનિક તરફ વળ્યા છે, તેમનું કહેવું છે કે જમીનને ખાલી ભેજની જ જરૂરી છે જેથી તેઓએ ટપક સિંચાઈ પદ્ધતિ વિકસાવી છે. ટપક પદ્ધતિ અપનાવવાથી તેનાથી થતા ફાયદાઓ સમજાવ્યા જેમકે સમયનો બચાવ થાય છે, પાણીની બચત થાય છે, નિંદામણ ઓછું થાય છે, મજુરી ખર્ચ બચે છે તેમજ ઉત્પાદન વધે છે.

અંતમાં પ્રોજેકટ ટીમના સભ્યોએ ખેડુતોને આ કામમાં ભાગીદાર બનવા તથા લીક એજન્સીઓને કન્વર્ઝન્સમાં સહયોગ કરવા વિનંતી કરી હતી.

**બદલો લેવા કરતાં ક્ષમા હંમેશા સારી છે.**

## છોકરાઓમાં જેન્ડર સમાનતા

સંસ્થા જેન્ડર શિક્ષણ પર શરુમાં શાળાના છોકરાઓ સાથે પાયલોટીંગ કરી ફાઉંડેશન કોર્સ શરૂ કર્યો તેની સાથે એકશન ફોર ઇકવાલોટી કોર્સનું પણ પાયલોટીંગ કર્યુ. ૧૦ કોમ્યુનીટીમાં આ વર્ષે કામગીરી ચાલી જેમાં પ્રથમ કોર્સના ગ્રેજયુએટ સાથે એકશન પ્રોગ્રામ પણ ચલાવ્યો. ડીસેમ્બર ૨૦૨૧ થી ૬ કોમ્યુનીટીમાં ફરી બંને કોર્સ શરૂ કર્યા, ત્રણ મોડયુલ સુધી પહોચ્યા, જાન્યુઆરીમાં સેશન બંધ રહયા. આ મહિનામાં ફરી કાર્યક્રમ શરૂ થતા બીજા ત્રણ મોડયુલ લેવાયા. આ પ્રોગ્રામથી છોકરાઓમાં જેન્ડર અંગેની સમજ જોવા મળી છે. સાથે સાથે ભવિષ્યમાં તેઓ જે પણ ક્ષેત્રમાં જાય ત્યાં જેન્ડર સંવેદનશીલતા સાથે કાર્ય કરશે તેવુ અમારા અવલોકનોનાં આધારે ફલિત થયું. સિધ્ધાંત જ એ છે કે જેન્ડર આધારિત હિંસા સાથે જોડાયેલ ભેદભાવપૂર્ણ સામાજિક માપદંડોને પડકાર આપવો. ફાઉન્ડેશનથી છોકરાઓના કૌશલ્ય અને જ્ઞાનમાં વધારો થાય, વ્યવહારમાં બદલાવ મળ્યો. જાગૃતતા વધારવા માટે મિત્રો, પરિવારજનો અને સમાજના સદસ્યોને પ્રભાવિત કરી તેઓ સમુહમાં કામ કરે છે જેથી જેન્ડર આધારિત હિંસા અને ભેદભાવથી મુકત સમાજ ઉભો કરવા મોટું યોગદાન આપી શકે. એકશનથી છોકરાઓની જરૂરી કુશળતાનો વિકાસ થાય, સમાજમાં કામ કરી શકે છે. લોકોને નાટકો, પોસ્ટરો અને રેલીઓ દ્વારા મહીલાઓ અને કિશોરીઓને લગતી સમસ્યાઓને ઉકેલવા માટેના પ્રયાસો કરે છે. લોકો વર્તનમાં સુધારા લાવે તે સમજાવવામાં સફળ થયા છે. આ કાર્યમાં ઈસીએફનો મેંટર તાલીમ માટે સહયોગ મળે છે.

– શ્રધ્ધા કથીરીયા, જેન્ડર ફેસીલીટેટર



**સફળતાના પાયામાં હંમેશા સંઘર્ષ જ હોય છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Mehul Vaghela | 05.03.1998 |
| Mehul Pandya | 07.03.1990 |
| Asmita Baraiya | 11.03.2000 |
| Vishal Bheda | 24.03.1996 |

## આ મહિનાની ઝલક

| | |
|---|---|
| ૦૩ | જળસુરક્ષા (ખેત તલાવડી) માટે સંસ્થાના કાર્યક્ષેત્રમાં સીએસપીસીના સીઈઓની મુલાકાત. |
| ૦૭ | ઉના અને ગીરગઢડા તાલુકામાં ખેત તલાવડીઓ બનાવવાની કામગીરી શરૂ. |
| ૧૦–૧૧ | સામાજીક અને આર્થિક અધિકારો પર સ્ટાફ તાલીમ |
| ૧૨ | એસએમસી, પીઆરઆઈ તથા સીઈની શિક્ષણના અધિકાર પર તાલીમ. |
| ૧૨ | ૧૫–૧૭ વર્ષની વયજુથના બાળકોના વેક્સીનેશન માટે સ્ટાફ તાલીમ. |
| ૧૭ | વોટર સ્ટીવર્ડશીપ વર્કશોપ, ચમારડી. |
| ૨૩ | ખેડુતો સાથે લીક કાર્યશાળા, છેલણા (જાફરાબાદ). |

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SSKK

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**વાંચન જેટલું બીજુ કોઈ સસ્તુ મનોરંજન નથી એના જેટલો કોઈ કાયમી આનંદ નથી.**